॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे च चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**



વર્ષ : ૧૫ અંક : ૧૭૭ તા.૧૫-૧૦-૨૦૨૪ કિંમત : રૂ.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

## દિપોત્સવી તથા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા




- ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટનો અષ્ટમ વિદ્યાર્થી સન્માન સમારંભ અનેરા આનંદ, ઉત્સાહ સાથે વિદ્યાર્થીઓ તથા વાલીઓની સાથે પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન.
- શ્રી સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા બહુચરાજી ખાતે યોજાનાર સંમેલનમાં હાજરી આપવા સૌ બહેનોને હાર્દિક આમંત્રણ.



Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# ધાતુ પરિવારના અષ્ટમ વિધાર્થી સન્માન સમારંભની ઝલક અહીં અને અંદરના કલર પેજ ઉપર...



# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
# (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,



: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.


**તંત્રી સ્થાનેથી,..............................................**

સને ૨૦૮૦ ના વર્ષ નું વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે અને ૨૦૮૧ ના વર્ષમાં આપણે પ્રવેશી રહ્યા છીએ ત્યારે સૌ જ્ઞાતિજનો વર્ષના અંતે લેખા-જોખા કરતા હોય છે અને વીતેલી ક્ષણોને યાદ કરતા હોય છે અને નવા વર્ષનું આયોજન કરતા હોય છે. સૌ જ્ઞાતિજનોને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ અને આપ તથા આપના કુટુંબીજનોને નવ વર્ષ સુખદાયી, લાભકારી તથા આપના આર્થિક આયોજનને વધુ ને વધુ સફળ રહે તે જ પ્રાર્થના સહ.

આપ સૌ જાણો છો કે સમસ્ત કંસારા સમાજ, શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તથા શ્રી મહિલા કલ્યાણી ટ્રસ્ટ આપણા જ્ઞાતિના સામાજિક, શૈક્ષણિક, ઉત્થાન માટે થઈને ઘણા વર્ષોથી પ્રયત્ન કરી રહી છે અને અને ગુજરાતના તમામ કંસારાઓનું એક સંગઠન ઊભું થાય અને તે માટે થઈને તેને અનેકવિધ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. સપ્ટેમ્બર માસમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યું અને સારાય ગુજરાતમાંથી વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા તે જ હકીકત જણાવે છે કે જ્ઞાતિજનો દ્વારા ટ્રસ્ટની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. આ વિદ્યાર્થી સન્માન સમારંભની મહત્વની હકીકત એ છે કે કાર્યકરો દ્વારા ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને ટ્રસ્ટના ખર્ચમાં રાહત કરી આપી એટલું જ નહીં તમામ વિદ્યાર્થી તથા આમંત્રિતોને યોગ્ય સમયમાં આમંત્રણ આપી શક્યા. વિદ્યાર્થીઓ તથા વાલીઓની હાજરી ખૂબ જ પ્રોત્સાહક રહી અને અને સૌ કોઈને પ્રેરણા આપી.

સમસ્ત કંસારા સમાજના સંગઠન તેના વિસ્તરણ માટે બહેનો દ્વારા પણ કમર કસવામાં આવી છે અને આગામી ડિસેમ્બર માસમાં બહુચરાજી ખાતે મહિલાઓનું વિરાટ સંમેલન કાર્યક્રમ થઈ રહ્યો છે અને તેને માટે થઈને ટ્રસ્ટના પ્રમુખ ઊર્મિલાબેન, જશુબેન વિગેરે આયોજન માટે ખૂબ જ મહેનત કરી રહ્યા છે અને આ કાર્યક્રમને માટે થઈને અમો શુભેચ્છા પાઠવીએ છીએ.

વિશેષમાં સમસ્ત કંસારા સમાજે ૨૫ વર્ષની મંજીલ પૂરી કરી દીધેલ છે અને નવા નવા કાર્યકરો દ્વારા તેની કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. અનેક પ્રકારના પડકારો તથા અડચણો આવી છે તેમ છતાં કાર્યકરો દ્વારા તે પડકારોનો સામનો કરી સમાજની કામગીરીને વેગવંતી બનાવવાના ભગીરથ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. હા ચોક્કસપણે વિચારભેદ હોઈ શકે, તેમ છતાં તમામ લોકોને સાથે રાખવાનો સનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવે છે.

સમસ્ત કંસારા સમાજ દ્વારા ટાઈમ્સ ઓફ કંસારા સમાજ નું મુખ પત્ર નિયમિત રીતે બહાર પાડવામાં આવી રહ્યું છે ખૂબ જ મુશ્કેલીઓ વિતંબનાઓ તથા આર્થિક મુશ્કેલીઓ હોવા છતાં સમાજ દ્વારા બહાર પાડવામાં આવે છે અને તમામ આજીવન સભ્યોને મોકલવામાં આવે છે ત્યારે તમામ જ્ઞાતિજનોને અમારી નમ્ર વિનંતી છે કે વર્ષમાં એક વખત આપણા ધંધા રોજગાર અથવા તો શ્રદ્ધાંજલિ કે બીજી કોઈ રીતે આર્થિક રીતે મદદ કરશો તેવી આપ સૌ પાસે અપેક્ષા રાખું છું. સમાજના આજીવન સભ્યોને નમ્રપ્રાણે અપીલ છે કે આપ સંસ્થાને રૂા.૧૫૦૦/ જેવી આર્થિક મદદ કરશો તો અમને ખાતરી છે કે આ મુખ પત્રને વધુને વધુ સારી રીતે બહાર પાડવામાં સહાયભૂત થશે.

સમસ્ત કંસારા સમાજ ગુજરાતની એકમાત્ર સંસ્થા જે તમામ કંસારાઓનું સંગઠન આવેલ છે. ગુજરાતના તમામ જ્ઞાતિજનો આ સંસ્થાથી પરિચિત છે ત્યારે કેટલીક ખોટી ગેર સમજો ઉભી કરીને અનેક પ્રકારના વિવાદો કરવામાં આવી રહ્યા છે પરંતુ સમાજના તમામ કાર્યકરો આગેવાનો મક્કમતાપૂર્વક સમાજના કાર્યો કરી રહ્યા છે અને સમાજનું સંગઠન બળવતર થાય તે માટેના અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપ સમાજના કાર્યક્રમોમાં તન, મન અને ધનથી સેવા આપશો તેવી અભ્યર્થના આપ સૌની પાસે રાખીએ છીએ.

- લી. તંત્રી


**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ આયોજિત અષ્ટમ વિદ્યાર્થી સન્માન સમારંભ

### શ્રી બટુકભાઈ કંસારા

સમસ્ત કંસારા સમાજ તથા શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે બટુકભાઈ દ્વારા સેવાઓ આપેલ છે. તેઓ દ્વારા બંને સંસ્થાઓના પ્રમુખ તરીકે રહીને સફળતાપૂર્વક દોરવણી આપેલ છે. તેઓ ઓછું બોલે પરંતુ સમાજના તમામ કાર્યકરોને સાથે રાખીને નિષ્ઠાપૂર્વક તેમની કામગીરી બજાવેલ છે. તેઓ ૨૦૨૪ માં શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ ના પ્રમુખ તરીકે નિવૃત થયેલ છે અને આ ટ્રસ્ટના એક કાર્યકર તરીકે નવા પ્રમુખ શ્રી મણીભાઈ કંસારા સાથે સફળ કામગીરી કરી રહ્યા છે. બટુકભાઈની ઉંમર ૭૭ વર્ષની હોવા છતાં એક યુવાનને શરમાવે તે રીતે સમાજ તથા ટ્રસ્ટની સફળતાપૂર્વક કામગીરી કરેલી છે અને તેઓ હાલમાં પણ પોતાની સેવાઓ આપી રહ્યા છે.

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ તારીખ ૧૫ ૯ ૨૦૨૨ ના રોજ જે.બી. ઓડિટોરિયમ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજવામાં આવેલ હતો.

આ સમારંભમાં માનનીય અતિથિ વિશેષ શ્રી મુકેશભાઈ શશીકાંત કંસારા - કરમસદ, શ્રી ડૉ. શૈલેષભાઈ બારમેડા - જુનાગઢ, શ્રી દિપકભાઈ નવનીતરાય માવાણી ચાર્ટડ એકાઉન્ટન્ટ - વડોદરા, શ્રી કંદર્પભાઈ પુરુષોત્તમભાઈ દંગી - સાણંદ, શ્રીમતી અશ્વિનીબેન મંગેશભાઈ તાંબટ - નાસિક, શ્રીમતી રુચિતાબેન અભિષેક-ભાઈ કંસારા - અમદાવાદ ની પ્રેરક ઉપસ્થિતિ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓ તેઓના વાલીઓ સમસ્ત કંસારા સમાજના કારોબારી સભ્યો, ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અને સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ આમંત્રિત જ્ઞાતિજનોની હાજરી નોંધનીય રહેલ હતી.

સવારે ૯-૦૦ વાગ્યાથી રજીસ્ટ્રેશનની કામગીરીનો આરંભ થયો હતો ત્યારબાદ રજીસ્ટ્રેશન બાદ અલ્પાહાર કરીને ૧૦-૦૦ કલાકે કાર્યક્રમની શરૂઆત કરેલ હતી. શ્રીમતી હેતલ શેઠ દ્વારા ગણેશ વંદના પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત કરી હતી. માનનીય અતિથિ વિશેષશ્રીઓને મંચ ઉપર આહવાન કરી સ્વાગત કરાયું હતું ત્યારબાદ નવ નિયુક્ત પ્રમુખશ્રી મણીભાઈ કંસારા તથા મંત્રીશ્રી હરેશભાઈ કંસારા તથા અતિથિ વિશેષશ્રીઓ તથા સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ઊર્મિલાબેન દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

### શ્રી મણીભાઈ કંસારા

સને ૨૦૨૪ ના વર્ષમાં મણીભાઈ કંસારાની શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. શ્રી મણીભાઈ કંસારા અનેકવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને સમસ્ત કંસારા સમાજના સ્થાપના કાળથી સક્રિય રહેલા છે. તેઓ જ્ઞાતિ જનોનો બહુવિધ વિકાસ થાય તે માટેની ઉમદા વિચારસરણી ધરાવે છે અને તેઓ પ્રમુખ તરીકે ટ્રસ્ટની કામગીરી વધુને વધુ વિકાસ થાય તે માટેની ચોક્કસ કામગીરી કરશે તેવી અભ્યર્થના.

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી મણીભાઈ કંસારા દ્વારા વિદ્યાર્થીઓ તથા આમંત્રિતોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડેલું ઉપરાંત તેઓ દ્વારા સમાજની અન્ય કામગીરી વિશે માહિતી આપેલ હતી.

અતિથિ વિશેષશ્રીઓનું પુષ્પગુચ્છ, મોમેન્ટો તથા શાલ ઓઢાડીને સમાજના આગેવાનો દ્વારા સ્વાગત કરાયેલ હતું.

અતિથિ વિશેષ શ્રી મુકેશભાઈ કંસારા - કરમસદના જેઓ એ તેમના પ્રવચનમાં શિક્ષણનું મહત્વ સમજાવીને વિદ્યાર્થી ભાઈ બહેનોને વધુને વધુ અભ્યાસ કરવા આહવાન કરેલ હતું.

શ્રી ડૉક્ટર શૈલેષભાઈ બારમેડા - જુનાગઢ જેઓ સમસ્ત કંસારા સમાજનાના પાયાના કાર્યકર અને સમાજની સ્થાપના કાળથી સંકળાયેલા છે તેઓએ પણ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું.

દીપકભાઈ નવનીતભાઈ માવાણી વડોદરા જેઓ વ્યવસાયે ચાર્ટડ એકાઉન્ટન્ટ છે તેઓ દ્વારા વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ કરવા માટે આહવાન કરેલ હતું.

શ્રી કંદર્પભાઈ કંસારા ગુજરાત સરકારના ક્લાસ વન અધિકારી છે અને તેઓ દ્વારા સમાજની કાર્યવાહી બિરદાવેલ હતી. શ્રીમતી અશ્વિનીબેન તાંબટ તથા શ્રીમતી રુચિતાબેન કંસારા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરેલ હતું અને વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન આપેલા હતા.

અંતમાં શ્રી હરેશભાઈ કંસારા દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ હતો.

આ કાર્યક્રમનું મહત્વનું પાસું એ હતું કે આપણે કંસારા જ્ઞાતિના **શ્રી હિતેશભાઈ પોમલ** દ્વારા આ કાર્યક્રમમાં હાજરી આપેલ હતી અને જ્ઞાતિજનોને વધુને વધુ આવા કાર્યક્રમ માટે આર્થિક મદદ કરવા તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવા તેમની લાક્ષણિક શૈલીમાં હાર્દિક અપીલ કરેલ હતી અને ટ્રસ્ટનું આર્થિક પાસુ મજબૂત બને તે માટે મહત્વના સૂચનો કરેલ હતા.

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - અમદાવાદ આવેલ રૂા. ૧૫૦૦૦/- સ્કોલરશીપની યાદી

| ક્રમ | દાતાશ્રીનું નામ | કેટેગરી | શહેર |
|---|---|---|---|
| ૬૦ | દક્ષાબેન દીનેશચંદ્ર ખાખી<br>ગૌ.વા. દીનેશચંદ્ર પ્રભુદાસ ખાખીના સ્મરણાર્થે | MCA/IT ENG.<br>0R 12TH | પુના |
| ૬૧ | કંસારા હર્ષ જયેશકુમાર (મેધાણી)<br>ગૌ.વા. નિર્મળાબેન બાબુલાલ કંસારાના સ્મરણાર્થે | | થાણે-મુંબઈ |
| ૬૨ | હિંમતલાલ કાંતિલાલ દંગી | MBA | અમદાવાદ |
| ૬૩ | યશપાલ ઉપેન્દ્રકુમાર શેઠ - હસ્તે દેવ યશપાલ શેઠ | | વડોદરા |
| ૬૪ | કંસારા મણિલાલ ભીખાભાઈ | | અમદાવાદ |
| ૬૫ | રમેશચંદ્ર નટવરલાલ શેઠ | | અમદાવાદ |
| ૬૬ | મહેન્દ્રભાઈ જગજીવનદાસ કંસારા (પાટડીવાળા) | ME (IT) | અમદાવાદ |
| ૬૭ | ડૉ. શૈલેષભાઈ હરિભાઈ બારમેડા | | જુનાગઢ |
| ૬૮ | હસમુખભાઈ કૃષ્ણલાલ માવાણી | | અમદાવાદ |
| ૬૯ | તરંગ પ્રવિણભાઈ ફાજલિયા | | સાવરકુંડલા |
| ૭૦ | કંસારા કેશવજી પીતાંબરદાસ ચેરીટીબલ ટ્રસ્ટ - મહેન્દ્રભાઈ વ્રજલાલ કંસારા | | અમદાવાદ |
| ૭૧ | મુકેશભાઈ શશીકાંતભાઈ કંસારા | | કરમસદ-આણંદ |
| ૭૨ | કંસારા ભાવનાબેન લલિતભાઈ - કંસારા અંકિતકુમાર લલિતભાઈ | | અમદાવાદ |
| ૭૩ | મહેશકુમાર રમેશચંદ્ર લાલાણી | | કઠલાલ-ખેડા |
| ૭૪ | જયંતીલાલ પરમાનંદદાસ કરથિયા - હસ્તે રાકેશ જયંતીલાલ કરથિયા | | મોરબી |
| ૭૫ | હર્ષદરાય બુધ્ધદેવભાઈ શેઠ (ટંકારા)<br>બુધ્ધદેવભાઈ પોપટલાલ શેઠ પરિવાર તરફથી - હસ્તે તુષાર હર્ષદરાય શેઠ | STD 1OTH | અમદાવાદ<br>અમદાવાદ |
| ૭૬ | કંસારા સુરેન્દ્રભાઈ નંદલાલભાઈ - કંસારા નંદલાલભાઈ જગજીવનદાસ<br>પરિવાર તરફથી - જલારામ ફરસાણ હાઉસ | | અમદાવાદ |
| ૭૭ | જીગ્નાબેન ગૌરાંગભાઈ ફાજલિયા - ગૌ.વા. કંસારા વૈષ્ણવ મુકુંદરાય<br>શાંતિલાલ - ગૌરાંગભાઈ મુકુંદરાય ફાજલિયા - ગ્રેવિટિ ઈન્સ્ટુમેન્ટ | | અમદાવાદ |
| ૭૮ | કમલેશભાઈ હસમુખલાલ ખાખી<br>ગૌ.વા. નિર્મળાબેન હસમુખલાલ શાંતિલાલ ખાખીના સ્મરણાર્થે | | જોરાવનરગર-<br>સુરેન્દ્રનગર |
| ૭૯ | પ્રેમચંદ રાધવજી સોલંકી (કંસારા) ચેરીટેબલ ટ્રસ્ટ - હસ્તે ભુપેશભાઈ સોલંકી | | મુંબઈ |
| ૮૦ | ગૌ.વા. કમળાબેન નંદલાલભાઈ જીવાભાઈ કંસારા - હસ્તે કંદર્પભાઈ દંગી<br>ગૌ.વા. લક્ષ્મીબેન રમણલાલ જીવાભાઈ કંસારા | | સાણંદ |
| ૮૧ | કંસાર શાંતિલાલ કચરાલાલ વડનગરવાળા-હ.હરીષભાઈ શાંતિલાલ કંસારા | | મહેસાણા |
| ૮૨ | નિર્મળાબેન રસીકલાલ દંગી - હસ્તે ડૉ. અભયભાઈ દંગી | MD, MS, DENTAL | ધ્રાંગધ્રા |
| ૮૩ | અરૂણાબેન ગુણવંતરાય કંસારા (લાલાણી)<br>હસ્તે ગુણવંતરાય દલીચંદ કંસારા (લાલાણી) | | અમદાવાદ |
| ૮૪ | સુજલભાઈ મહેન્દ્રભાઈ કંસારા - હસ્તે જ્વલિત સુજલભાઈ કંસારા | | નડિયાદ |
| ૮૫ | રમીલાબેન ભાસ્કરભાઈ કંસારા - હ. સંગીતાબેન ગૌતમભાઈ ચોગાનવાલા | | અમદાવાદ |
| ૮૬ | ઈશ્વરલાલ આર. પારેખ - ઈન્દ્રવદન રંગીલદાસ પારેખ પરિવાર | STD 10TH | મુંબઈ |
| ૮૭ | લલિતાબેન જમનાદાસ કાણકીયા | | સાવરકુંડલા |
| ૮૮ | હિંમતલાલ છોટાલાલ શેઠ - હસ્તે ભરતભાઈ શેઠ | | જસદણ |
| ૮૯ | મિનાક્ષીબેન શિવપ્રસાદ કંસારા - હસ્તે સંદીપભાઈ | | |
| ૯૦ | હસુમતીબેન અશોકભાઈ કાણકીયા | | સુરત |

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - અમદાવાદના વિદ્યાર્થી સન્માન સમારંભ તા. ૧૫-૦૯-૨૦૨૪ ના રોજ આવેલ શુભેચ્છા ભેટની યાદી

| ક્રમ | રકમ | નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | રૂા. ૫૧૦૦૦/- | મણિલાલ ભીખાલાલ કંસારા | અમદાવાદ |
| ૨ | રૂા. ૫૧૦૦૦/- | બટુકભાઈ વ્રજલાલ કંસારા | અમદાવાદ |
| ૩ | રૂા. ૫૧૦૦૦/- | હિતેશભાઈ મનહલાલ પોમલ (સી.એ.) | અમદાવાદ |
| ૪ | રૂા. ૫૧૦૦૦/- | શ્રી સૌરાષ્ટ્ર મારુ કંસારા મંડળ | અમદાવાદ |
| ૫ | રૂા. ૫૧૦૦૦/- | નિરવ ચોકસી | અમદાવાદ |
| ૬ | રૂા. ૫૧૦૦૦/- | સુરેશભાઈ જોશી | અમદાવાદ |
| ૭ | રૂા. ૫૧૦૦૦/- | મયુર ડાયકેમ | અમદાવાદ |
| ૮ | રૂા. ૫૦૦૧/- | છાયાબેન હસમુખલાલ ખાખી (જન્મ દિવસ ભેટ) | અમદાવાદ |
| ૯ | રૂા. ૫૦૦૦/- | જશુબેન ચીમનલાલ કંસારા | મહેસાણા |
| ૧૦ | રૂા. ૫૦૦૦/- | ઉર્મિલાબેન વસંતલાલ કંસારા | વડોદરા |
| ૧૧ | રૂા. ૫૦૦૦/- | મેહુલભાઈ નટવરલાલ ખાખી | અમદાવાદ |
| ૧૨ | રૂા. ૫૦૦૦/- | ભરતભાઈ સી. શેઠ | અમદાવાદ |
| ૧૩ | રૂા. ૫૦૦૦/- | મીનલબેન મુકેશભાઈ કંસારા | આણંદ |
| ૧૪ | રૂા. ૫૦૦૦/- | કંસારા દીપકકુમાર હરિલાલ - હસ્તે ઉત્સવકુમાર | |
| ૧૫ | રૂા. ૨૫૦૦/- | કૃષ્ણકાંત મોહનલાલ માવાણી | રાજકોટ |
| ૧૬ | રૂા. ૨૫૦૦/- | ચંદુલાલ મોહનલાલ કંસારા | શિહોર-અમદાવાદ |
| ૧૭ | રૂા. ૨૫૦૦/- | કંસારા જયશ્રીબેન પ્રભુદાસ | મુંબઈ |
| ૧૮ | રૂા. ૨૫૦૦/- | જીવણલાલ સોમચંદભાઈ કંસારા - હસ્તે વિનિતાબેન | પેટલાદ |
| ૧૯ | રૂા. ૨૧૦૦/- | રાજેશભાઈ નારણદાસ છત્રાળા | અમદાવાદ |
| ૨૦ | રૂા. ૨૦૦૦/- | કંસારા હરેશભાઈ બાબુલાલ | અમદાવાદ |
| ૨૧ | રૂા. ૧૫૦૦/- | કંસારા લક્ષ્મીચંદ વલ્લભદાસ | તળાજા |
| ૨૨ | રૂા. ૧૫૦૦/- | ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઈગર | સુરત |
| ૨૩ | રૂા. ૧૧૦૦/- | નાથાલાલ મણીલાલ પરમાર | વઢવાણ |
| ૨૪ | રૂા. ૧૧૦૦/- | ડૉ. કાર્તિક નલીનભાઈ વાઢેલ | ઉના |
| ૨૫ | રૂા. ૧૦૦૧/- | રાજેન્દ્રભાઈ મનહરલાલ સંઘવી | ભરૂચ |
| ૨૬ | રૂા. ૧૦૦૧/- | ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ | અમદાવાદ |
| ૨૭ | રૂા. ૧૦૦૦/- | શ્યામલાલભાઈ દેવચંદભાઈ કંસારા પાટડીવાળા | અમદાવાદ |
| ૨૮ | રૂા. ૧૦૦૦/- | કિંજલબેન દક્ષેશભાઈ કંસારા | ડભોઈ |
| ૨૯ | રૂા. ૧૦૦૦/- | ભાર્ગવ ચંદ્રકાંતભાઈ ગોરડીયા | આણંદ |
| ૩૦ | રૂા. ૭૫૦/- | હિંમતલાલ કે. દંગી | અમદાવાદ |
| ૩૧ | રૂા. ૭૦૦/- | ગૌરાંગભાઈ મહેન્દ્રભાઈ ગોરડીયા | મુંબઈ |
| ૩૨ | રૂા. ૫૦૧/- | પ્રવિણભાઈ એન. ફાજલિયા | સાવરકુંડલા |

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

| | | | |
|---|---|---|---|
| ૩૩ | રૂા. ૫૦૧/- | પ્રતાપરાય કાનજીભાઈ મેવચા | જામનગર |
| ૩૪ | રૂા. ૫૦૦/- | જીતેન્દ્રભાઈ બાબુલાલ પરમાર | જામનગર |
| ૩૫ | રૂા. ૫૦૦/- | અલ્પેશ હિંમતભાઈ ખાખી | મુંબઈ |
| ૩૬ | રૂા. ૫૦૦/- | વાસુદેવ હિરાલાલ કંસારા | સુરત |
| ૩૭ | રૂા. ૫૦૦/- | હેત્વી ગોલ્ડ | રાજકોટ |
| ૩૮ | રૂા. ૫૦૦/- | કંસારા નવનીતલાલ પોપટલાલ | વાંકાનેર |
| ૩૯ | રૂા. ૫૦૦/- | ગોરડીયા હરીશભાઈ વેણીલાલ | શિહોર |
| ૪૦ | રૂા. ૫૦૦/- | હિતેન્દ્રભાઈ વસંતભાઈ લાલાણી | અમદાવાદ |
| ૪૧ | રૂા. ૨૫૧/- | સ્મિત તુષારભાઈ કંસારા | નડિયાદ |
| ૪૨ | રૂા. ૨૫૦/- | વિજયભાઈ હિંમતલાલ દંગી | અમદાવાદ |
| ૪૩ | રૂા. ૨૩૫/- | કંસારા રમેશચંદ્ર જયંતીલાલ | શિહોર |
| ૪૪ | રૂા. ૨૦૫/- | મૈત્રી જતીનભાઈ કંસારા | નડિયાદ |
| | રૂા. ૪૨૩૧૯૬/- | | |

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - અમદાવાદના વિદ્યાર્થી સન્માન સમારંભ તા. ૧૫-૦૯-૨૦૨૪ ના રોજ આવેલ શૈક્ષણિક ફંડ

| | | | |
|---|---|---|---|
| ૧ | રૂા. ૧૧૦૦૦/- | કંસારા શાંતિલાલ કચરાલાલ<br>હસ્તે હરેશભાઈ શાંતિલાલ કંસારા (સી.એ.) | મહેસાણા |

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - અમદાવાદના વિદ્યાર્થી સન્માન સમારંભ તા. ૧૫-૦૯-૨૦૨૪ ના રોજ વિદ્યાર્થીને આપેલ રૂા. ૧૦૦૦ સ્કોલરશીપ પેટે

| | | | |
|---|---|---|---|
| ૧ | રૂા. ૧૦૦૦/- | કંસારા શાંતિલાલ કચરાલાલ<br>હસ્તે હરેશભાઈ શાંતિલાલ કંસારા (સી.એ.) | મહેસાણા |
| ૨ | રૂા. ૧૦૦૦/- | હિંમતલાલ કે. દંગી | અમદાવાદ |
| ૩ | રૂા. ૧૦૦૦/- | અશ્વિનકુમાર પરષોતમદાસ કંસારા | કલોલ |
| ૪ | રૂા. ૧૦૦૦/- | કંસારા મણિલાલ ભીખાલાલ | અમદાવાદ |
| ૫ | રૂા. ૧૦૦૦/- | રમેશચંદ્ર નટવરલાલ શેઠ | અમદાવાદ |
| ૬ | રૂા. ૧૦૦૦/- | દક્ષાબેન દિનેશચંદ્ર ખાખી | પુના |
| ૭ | રૂા. ૧૦૦૦/- | અલકાબેન ભૂપેશભાઈ સોલંકી | મુંબઈ |
| ૮ | રૂા. ૧૦૦૦/- | યશપાલ ઉપેન્દ્રકુમાર શેઠ – હસ્તે દેવ યશપાલ શેઠ | વડોદરા |
| ૯ | રૂા. ૧૦૦૦/- | હર્ષ જયેશકુમાર કંસારા (મેઘાણી) | થાણે-મુંબઈ |
| ૧૦ | રૂા. ૧૦૦૦/- | ગૌ.વા. કંસારા વૈષ્ણવ મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા<br>– હસ્તે જીગ્નાબેન ગૌરાંગભાઈ ફાજલિયા | અમદાવાદ |
| ૧૧ | રૂા. ૧૦૦૦/- | કંસારા વિનોદકુમાર ભગવાનદાસ | બાકરોલ-આણંદ |
| ૧૨ | રૂા. ૧૦૦૦/- | મયુર એન્જીનિયરીંગ – હસ્તે તેજસભાઈ પરસોત્તમદાસ મેઘાણી | વિઠ્ઠલ-ઉદ્યોગનગર |

શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ
ખજાનચીશ્રી – સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા સન્માનીત થયેલા વિદ્યાર્થીઓની યાદી (૨૦૨૩-૨૪)

## ધોરણ-૧૦ તેજસ્વી વિદ્યાર્થીઓ

| અનુ. | નામ | બોર્ડ | પર્સેન્ટાઇઝ | શહેર |
|---|---|---|---|---|
| ૧ | સોલંકી પૃષ્ટી ચેતન | Gujarat Board | 96.67 | Ahmedabad |
| ૨ | જાપડીયા પ્રેરક હીરેન | Gujarat Board | 96.50 | Rajkot |
| ૩ | કંસારા સાક્ષી ભાવેશભાઈ | Gujarat Board | 95.50 | Nadiad |
| ૪ | કાણકીયા કેશા ધર્મેન્દ્રભાઈ | Gujarat Board | 95.50 | Sihor |
| ૫ | ગોરડીયા ધારા ગૌરાંગ | Maharashtra State Board of | 95.40 | Mumbail |
| ૬ | માવાણી ત્રીશા સ્નેહલભાઈ | Gujarat Board | 95.33 | Rajkot |
| ૭ | પરમાર તીર્થ સંજયભાઈ | Gujarat Board | 95.17 | Sihor |
| ૮ | કંસારા જેનીલ દક્ષેશ | Gujarat Board | 95.00 | Dabhoi |
| ૯ | કંસારા જાહ્નવી પ્રદીપ | Gujarat Board | 94.67 | Surat |
| ૧૦ | પરમાર કાવ્યા હરીશકુમાર | Gujarat Board | 94.33 | Sihor |
| ૧૧ | કંસારા દેવર્ષ સંદીપ | CBSE | 94.20 | Ahmedabad |
| ૧૨ | દંગી વિશ્વા વિશાલભાઈ | Gujarat Board | 93.83 | Surendranagar |
| ૧૩ | પ્રેમજી પ્રીયા પરેશભાઈ | GUJRAT BOARD | 93.67 | Sihor |
| ૧૪ | કંસારા જેનીશ નીતીનભાઈ | Gujarat Board | 93.67 | Wadhwan |
| ૧૫ | કંસારા હર્ષીલ ભાસ્કર | Gujarat Board (GSHEB) | 93.50 | Ahemdabad |
| ૧૬ | કંસારા અક્ષત રાજેશ | CBSE | 93.40 | Ahemdabad |
| ૧૭ | કંસારા વત્સલ વીરલ | Gujarat Board | 93.33 | Vadodara |
| ૧૮ | કંસારા વૈદીકા ચિરાગ | Gujarat Board | 93.33 | Vadodara |
| ૧૯ | લાલાણી ધૃમીલ મહેશકુમાર | Gujarat Board | 93.00 | Kathlal |
| ૨૦ | ગોરડીયા પ્રાચી રવી | Gujarat Board | 92.83 | Ahmedabad |
| ૨૧ | ખાખી ધ્વની વિજયભાઈ | Gujarat Board | 92.83 | Rajkot |
| ૨૨ | કંસારા વેદાંત કનૈયાલાલ | CBSE | | Surat |
| ૨૩ | દંગી યશ્વી જયેન્દ્રભાઈ | Gujarat Board | 92.67 | Rajkot |
| ૨૪ | શેઠ તીર્થ હીરેનકુમાર | Gujarat Board | 92.67 | Bhavnagar-Gujarat |
| ૨૫ | કાણકીયા કવન ભાવેશભાઈ | Gujarat Board | 92.50 | Bhavnagar |
| ૨૬ | શેઠ ગોપાલ કમલેશભાઈ | Gujarat Board | 92.50 | Ahmedabad |
| ૨૭ | કંસારા હેત આશીષ | Gujarat Board | 92.17 | Surat |
| ૨૮ | કંસારા અર્ચી અંકુરકુમાર | Gujarat Board | 91.83 | Idar (sabarkanta) |
| ૨૯ | કાગડા સાક્ષી પીયુષભાઈ | Gujarat Board | 91.83 | Wankaner |
| ૩૦ | કંસારા ધ્વનીત સંદીપકુમાર | Gujarat Board | 91.83 | Mahesana |
| ૩૧ | શેઠ વિવેક દેવાંગભાઈ | Gujarat Board | 91.83 | Bhavnagar |
| ૩૨ | કંસારા ધ્યેય | Gujarat Board | 91.50 | Bhavnagar |
| ૩૩ | કંસારા આંશી મોહીતકુમાર | Gujarat Board | 91.**50** | Nadiad |
| ૩૪ | મોદી હેત વિકાશ | Gujarat Board | 91.00 | Surat |
| ૩૫ | ખોખરા દક્ષ હીતેશકુમાર | Gujarat Board | 91.00 | Joravarnagar |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૬ | કંસારા પ્રાંસુ રવિભાઈ | Gujarat Board | 90.67 | Anand |
| ૩૭ | કંસારા વેદાંત ઘનશ્યામભાઈ | Gujarat Board | 90.67 | Morbi |
| ૩૮ | કરથીયા આદીત્ય સચિનભાઈ | Gujarat Board | 90.67 | Rajkot |
| ૩૯ | ગોરખીયા ધૃવી અક્ષયભાઈ | CBSE | 90.60 | surat |
| ૪૦ | ખોખરા અભ્ભી શૈલેષભાઈ | Gujarat Board | 90.33 | Rajkot |
| ૪૧ | કંસારા માહીર જીગ્નેશકુમાર | Gujarat board | 90.17 | Ahmedabad |

## ધોરણ-૧૨ જનરલ (૨૦૨૩-૨૪)

| અનુ. | નામ | બોર્ડ | પર્સેન્ટાઈઝ | શહેર |
|---|---|---|---|---|
| ૧ | બુચ વૃશાલી સમીરભાઈ | GSEB | 94.86 | Bhavnagar |
| ૨ | છત્રાલાકન્જના રાજેશભાઈ | GSEB | 94.14 | Rajkot |
| ૩ | શેઠ ધારીકા નીમીશભાઈ | GSEB | 92.71 | Rajkot |
| ૪ | બુધ્ધભટ્ટી જશ દિપકભાઈ | GSEB | 92.71 | Bhuj |
| ૫ | શેઠ સ્નેહલ મહેશકુમાર | GSEB | 90.57 | Rajkot |
| ૬ | કંસારા સમર્થ ઘનશ્યામભાઈ | GSEB | 90.43 | Morbi |
| ૭ | કંસારા હીર્વા સત્યેનકુમાર | GSEB | 90.40 | Surat |
| ૮ | દુધેલા અશ્રુતી હીમાંશુભાઈ | GSEB | 90.29 | Talaja |
| ૯ | પરમાર યશ હીમાંશુ | Maharashtra State Board | 90.17 | Mumbai |
| ૧૦ | કાણકીયા કીણા સંદીપ | CBSE | 90.00 | Vadodara |

## ધોરણ-૧૨ સાયન્સ (૨૦૨૩-૨૪)

| અનુ. | નામ | બોર્ડ | પર્સેન્ટાઈઝ | શહેર |
|---|---|---|---|---|
| ૧ | કરથીયા રજત નેહલ | ISC | 98.80 | Ahmedabad |
| ૨ | કંસારા પ્રમેય નીખીલ | CBSE | 90.60 | Ahmedabad |
| ૩ | કંસારા નમન ઈક્ષ્યાકુ | CBSE | 90.00 | Mumbai |
| ૪ | કાગડા અપેક્ષા કૌશીકકુમાર | Gujarat Board | 89.85 | Wankaner |
| ૫ | કંસારા યશ્વી વિશાલ | GSEB | 89.69 | Gandhinagar |

## GRADUATION 12+4 YEAR COURSE (2023-24)

| Sr. | Name | Specialization | Board/Nuniversity | City |
|---|---|---|---|---|
| ૧ | પરમાર વત્સલ હરીશકુમાર | (Mechanical) | Gujarat Technological University | Shihor |
| ૨ | પરમાર સુરભી જીતેન્દ્રભાઈ | B.E. Civil | Gujarat Technological University | Jamnagar |
| ૩ | કંસારા ઈશા દીપકભાઈ | Physiotherapy | Veer narmad south Gujarat University | Surat |
| ૪ | પરમાર વિનાયક મનોજભાઈ | | Gujarat Technological | Jamnagar |
| ૫ | પરમાર ઈશીતા શૈલેષભાઈ | Physiotherapy | Saurashtra University | Wadhvan City |
| ૭ | કંસારા પરમ નીખીલ | B. Tech (Engineering Physics) | IIT Delhi | Ahmedabad |
| ૮ | કંસારા આયુષી પરેશકુમાર | Bachelor of Dental Surgery | Dharmsinh Desi University | Petlad |
| ૯ | કંસારા યશ દીપક | B.E. (Computer Sci. & Engineering) | Indian Institute of Information Techo. Surat | Surat |
| ૧૦ | ડૉ. ગોરખીયા રુતુ મુકેશભાઈ | MBBS | Saurastra University | Amreli |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ગોરખીયા ધૃવી સંજયભાઈ | B.E. (Computer Sci. & Engineering) | Pandit Deendayal Energy | Ahmedabad |
| ૧૨ | ખોખરા આયુષ હીતેશભાઈ | B.E. (Electonics & Comm.) | Gujarat Technical University | Rajkot |
| ૧૩ | ભુત બંસી પ્રદીપભાઈ | Bachelor of Law | Gujarat University | Ahmedabad |
| ૧૪ | પંચીગર ઓમ આનંદ | B.E. (Electrical) | Gujarat Technical University | Surat |
| ૧૫ | બુધ પ્રીયા અનીશભાઈ | Bachelor of Pharmacy | Gujarat Technological University | Jamnagar |
| ૧૬ | શેઠ જુહી અમીત | Architecture | Saurashtra University | Rajkot |
| ૧૭ | ખાખી શ્રેય અલ્પેશ | (Computer Science) | Birla Institute of Science and Technology, Pilani- GOA Campus | Mumbai |
| ૧૮ | કંસારા ઓમ દેવેન્દ્રભાઈ | B. Tech (Comp. Science & Engi.) (Artifical Intelligence) | ITM (SLS) Baroda University | Nadiad |
| ૧૯ | કંસારા સ્મીત તુષાર | | Dharmisinh Desai University | Nadiad |
| ૨૦ | ખાખી સ્મીત વ્રજેશકુમાર | B. Tech | Silver Oak University | Ahmedabad |
| ૨૧ | કંસારા કોશા નીરજ | B.Sc. M.Sc., B.Ed. | Gujarat University | Ahmedabad |

## POST GRADUATION (2023-24)

| Sr. | Name | Specialization | Board/Nuniversity | City |
|---|---|---|---|---|
| ૧ | લાલાણી અપેક્ષા ઉમેશભાઈ | Physics | Saurashtra University | Rajkot |
| ૨ | બુધ્ધભટ્ટી કુંજ | Master of Science in Comp. applications and Information tec. | Krantiguru Shyamji Srishna Verma Kachchh University | Bhuj |
| ૩ | સોની ટ્વીન્કલ રમેશભાઈ | B.Ed. | Gujarat University | Anandpar |
| ૪ | ચાંદીવાલા અનુજ કૌશિકકુમાર | Civil Engineering Ph.D. | Sardar Vallabhbhai National Institute of Technology, Surat | Surat |
| ૫ | કંસારા મનુશ્રી હરકાંત | Master of Science Biotechnology | Charotar University Sci. & Tech. (Charusat) | Vapi |
| ૬ | વાઢેલ કાર્તિકકુમાર નલીનભાઈ | M.D.S. Master of Dental Surgery in Oral & Maxillofaccial Surgery | Karnvavati University | Gandhinagar |
| ૭ | મેવચા વિશાલ ભુપેન્દ્રભાઈ | MBA (Final) | Gujarat Technological University | Jamnagar |
| ૮ | કંસારા હેતવી સંદીપકુમાર | Human Resource | CVM University | Nadiad |
| ૯ | ચોકવાલા સાક્ષી દીલીપભાઈ | Saurastra University | 95.68% | Rajkot |
| ૧૦ | ડૉ. બારમેડા ચેતન ઈશ્વરલાલ | Ph.D. in Education | Sardar Patel University | Bhuj |
| ૧૧ | શેઠ ધ્રુવી કે. | M.Sc. Microbiology | L. J. University | Ahmedabad |
| ૧૨ | માવાણી ભાવિક હસમુખભાઈ | MSc. Purchasing Logistics and Supply Chain Mana. with Data Analytics | University of Beafordshire, U.K. | Ahmedabad |
| ૧૩ | ખોખરા દીપ હીતેશભાઈ | M.Tech in VLSI Desi. | Nirma University | Ahmedabad |
| ૧૪ | કંસારા હર્ષ | Nanotechnology (Material Science) | Maharaja Syajirao University of Baroda | Vadodara |
| ૧૫ | વિરમગામી સત્યમ જયેશભાઈ | MBA in Finance | Silver Oak University | Viramgam |
| ૧૬ | કંસારા ખુશી દેવેન્દ્રભાઈ | Commerce | Gujarat University | Ahmedabad |
| ૧૭ | શેઠ પૂજન પરેશ | Design Integration | Conestoga Canada | Gulf Canada |



















ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ
અષ્ટમ
વિદ્યાર્થી સન્માન સમારંભ


સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ
ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ
શ્રી સમસ્ત કંસારા સમાજ
(ગુજરાત)














ધાતુ પરિ







| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | કંસારા રાજ હેતલકુમાર | Chartered Accountant | Institute of Chartered Accountants of India | Ahmedabad |
| ૧૯ | સોની ધ્રુવ ભરતભાઈ | LLM - Master of Laws (Criminal Law) | Guarat University | Ahmedabad |
| ૨૦ | ખાખી હીરવા મયુરભાઈ | | Saurashtra University, Rajkot | Wadhwan |
| ૨૧ | કંસારા જુલી પંકજભાઈ | Cost Accountant | The Institute of Cost Accountants of India | Surat |
| ૨૨ | કંસારા કવીતા અરવિંદભાઈ | Masters in Human Rights (LLM) | Veer Narmda South Gujarat University | Surat |
| ૨૩ | ખાખી હરીન કમલેશ | M.S. Computer Science | California State University, Fullerton USA | Joravarnagar |
| ૨૪ | કંસારા નીધી અજયભાઈ | CA | Indian Institution of Chartered Accountants | Ahmedabad |
| ૨૫ | દંગી ગૌરવ પંકજભાઈ | CA | Institute of Chartered Accountants of India | Rajkot |
| ૨૬ | દંગી યશ વિજય | MBA - Finance | Fore School of Management, New Delhi | Ahmedabad |
| ૨૭ | પાવાગઢી રીતુ નવનિતભાઈ | Human Resources | NMIMS | Wadhwan |
| ૨૮ | કંસારા મૈત્રી જતીનકુમાર | Biochemistry | Charusat University of Science & Technology | Nadiad |
| ૨૯ | કંસારા સૃષ્ટી તુષારકુમાર | Finance | Gujarat Technological University | Nadiad |
| ૩૦ | કંસારા ધ્રુવ વિજેશકુમાર | Master of Science in International Business Management | Richmond American University, London | Nadiad |
| ૩૧ | પારેખ મીલોની | MBA - Marketing | Manipal University | Mumbai |
| ૩૨ | છત્રાલા હીના કૃષ્ણકાંતભાઈ | C.A. | Institute of Chartered Accountants of India | Surat |

## SPORTS AND OTHERS (2023-24)

| Sr. | Name | Specialization | Board/Nuniversity | City |
|---|---|---|---|---|
| ૧ | ગોરડીયા રૂદ્ર જતીનભાઈ | Basketball | Khel Mahakumbha | Bhavnagar |
| ૨ | પોમલ જાલાશ્રી | Bharatnatyam | Akhil Bharatiya Gandharva Mahavidyalaya Mandal | Rajkot |
| ૩ | બારમેડા ધારા રવજીભાઈ | રાજ્ય કક્ષાનો યુવા ઉત્સવ ખાતે સમગ્ર ગુજરાતમાં પાદપૂર્તિમાં પ્રથમ, વાર્તા લેખનમાં દ્વિતીય અને કાવ્ય લેખનમાં તૃતીય સ્થાન | યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-ગાંધીનગર | Ravapar |
| ૪ | પરમાર પાર્થ સુનીલભાઈ | International Olympiyad First Rank | | Mumbai |
| ૫ | છત્રાલા નીલ અશ્વિનભાઈ | International Drone Competition USA Third Rank | Nirma University | Ahmedabad |
| ૬ | કંસારા ફેનીલ ગૌરાંગભાઈ | Fifth Rank in International Junior Mental Calculation World Championship | | Nadiad |

NIF Mechanical Works Pvt. Ltd.

WINDWELL

**SHAILESH KANSARA**

Director

**Block No. 338/1, Behind GIDC,**
**Kabilpore, Ganesh Sisodra - 396463**
**District. Navsari, Gujarat, India**

**: Phone :**
**+91-2637258668 / 250667**

**: Email :**
**shaileshkansara@windwell.com**
**nifgroup@windwell.com**

**: Website :**
**www.windwell.com**

---

અતુલભાઈ ૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ ૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ ૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

---

Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર



૪૦% સુધી સબસીડી મેળવો

હમણાં જ સંપર્ક કરો :

+91 6355519196 / 9327168907

605 Signet hub, Akshar Chowk, Old Padara Road, Vadodara-390020
Email: sales@onlinerce.com Website: www.reliablesolar.net

---

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

શ્રી સતીમાતા સદા બિરાજમાન છે

## સમસ્ત દંગી પરિવાર

દંગી પરિવારના કુળદેવી શ્રી સતીમાતાજીના સાનિધ્યમાં દર વર્ષની જેમ આપણા દંગી પરિવાર સહ શ્રધ્ધેય પરિવારનું સ્નેહ મિલન તથા શ્રી સતીમાતાજી સેવા ટ્રસ્ટ, હળવદ, (રજીસ્ટર્ડ) આપણી સંસ્થાની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે શ્રી સતીમાતાજી મંદિર, હળવદ મુકામે આપ સર્વેને સહપરિવાર પધારવા અને દર્શન પ્રસાદ-સેવાનો લાભ લેવા સમસ્ત દંગી બરિવારને અંતઃકરણના ખરા ભાવથી નિમંત્રણ છે.

**કાર્યક્રમની સૂચિ**

**સંવત ૨૦૮૧, કારકદ સુદ-૩, સોમવાર, તારીખ : ૦૪-૧૧-૨૦૨૪**

૧. શ્રી સતીમાતાજીના દર્શન-સેવા-પૂજન પ્રસાદ - સવારે ૮-૦૦ કલાકથી, રાસ ગરબા.... સવારે ૯-૩૦ કલાકથી

૨. સ્નેહ મિલન તથા શ્રી સતીમાતાજી સેવા ટ્રસ્ટ, હળવદ આપણી (રજીસ્ટર્ડ) સંસ્થાની વાર્ષિક સાધારણ સભા

શ્રી સતીમાતાજી મંદિરના પટાંગમાં... સવારે ૧૧-૦૦ કલાકે

૩. મહાપ્રસાદ.... બપોરે ૧-૦૦ કલાકે

સ્થળ : બ્રાહ્મણ સમાજની વાડી, સરા નાકા સામે, હળવદ.

ખાસ નોંધ :

આજના આ કાર્યક્રમના દિવસે છેડા ઝેડી છોડવા કે બાબરી ઉતારાવનો કોઈ કાર્યક્રમ કરવામાં આવશે નહિ. ફક્ત માતાજીની પૂજા, આરતી, પ્રસાદનો કાર્યક્રમ રહેશે જેની સર્વે પરિવાજનોએ વિનમ્ર નોંધ લેવી.

**-: સંપર્ક સૂત્ર :-**

(૧) રજનીભાઈ વલ્લભદાસ દંગી - મો. : ૯૭૨૩૧૦૦૭૧૫

(૨) ઘનશ્યામભાઈ ધીરજલાલ દંગી-મો.: ૭૮૦૨૯૩૮૧૯૮

(૩) અજયભાઈ ચંદુલાલ દંગી - મો. : ૯૪૨૬૧૧૩૧૨૧

**વ્યવસ્થાપક સમિતિ**

**શ્રી સતીમાતાજી સેવા ટ્રસ્ટ, હળવદ**

**વોટસએપ ગ્રુપમાં મેસેજ જયેન્દ્રભાઈ દંગી - મો. : ૮૧૪૦૦૦૦૦૭૯ સંપર્ક કરવો.**

## સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ સંસ્થા અમદાવાદની સ્થાપના ના ૧૫ વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે ઉજવણી

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ સંસ્થા અમદાવાદ તેની સ્થાપનાના ૧૫ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહી છે. તેની ઉજવણી સ્વરુપે એક મહિલા સંમેલનનું આયોજન નીચેની વિગતે કરવામાં આવનાર છે.

- તા. ૨૨-૧૨-૨૦૨૪ રવિવાર
- સ્થળ : આદ્ય શક્તિ પીઠ - બહુચરાજી
- સમય : સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી

આ કાર્યક્રમમાં સામાન્ય સભા, નારી સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહિલા ઉદ્યોગસહસિકતાનો પ્રોત્સાહન માટેના વિવિધ સ્ટોલનું આયોજન કરવામાં આવનાર છે. આ સંદર્ભે કંસારા સમાજની તમામ ગોળ-ઘટકની બહેનોએ નીચેની બાબતની નોંધ લઈને પોતાનું નામાંકન સત્વરે તા. ૧૫-૧૧-૨૦૨૪ પહેલા નોંધાવવા નમ્ર વિનંતી છે.

- ૩૦ વર્ષથી વધુ ઉંમરની બહેનોએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવેલ હોય તેઓએ પોતાનું નામાંકન નોંધાવવું.
- જે બહેનો પોતાનો વિવિધ વ્યવસાય કરતાં હોય તેઓએ સ્ટોલ માટે પોતાનું નામાંકન નોંધાવવું.
- જે બહેનો સમુહમાં (૬ થી ૧૪ બહેનોની ભાગીદારી સાથે) પોતાની સાંસ્કૃતિક કૃતિની રજુઆત કરવી હોય તો તેઓએ પોતાનું નામાંકન નોંધાવવું.

કંસારા સમાજની દરેક ગોળ-ઘટકની બહેનોએ પોતાનું નામાંકન નીચે નોંધાવવું.

**ઉર્મિલાબેન કંસારા**

પ્રમુખ : સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ સંસ્થા

૭૩, સંગીતા ટેનામેન્ટ, ગોરવા રિફાઈનરી રોડ,

પંચવટી પાસે, વડોદરા-૩૯૦૦૧૬


મોબાઈલ : ૯૯૨૫૦૧૨૫૦૯

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ

સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# MATRIMONIAL

**PERSONAL DETAILS**



| | | |
|---|---|---|
| Name | : | Sapana Kansara |
| Birth Date | : | 15 Dec. 1990 |
| Birth Place | : | Jodhpur Rajasthan |
| Birth Time | : | 7:30 AM |
| Height | : | 5.4" |
| Weight | : | 52 Kg |
| Education | : | B.Sc. LLB, LLM |
| Profession | : | Advocate |
| Caste | : | Kansara (Panwar) |
| Marital Status | : | Divorced |
| Marriage Duration | : | 4 weeks |
| Father's Name | : | Dr. Jagdish Kansara |
| Occupation | : | Retired Central Govt. |
| Mother's Name | : | Leela Kansara |
| Occupation | : | House Wife |
| Brother's Name | : | Ravi Kansara (Elder) |
| Occupation | : | Regional Business Manager at Dr. Reddy's Laboratories |
| Contact Details | : | 9414418534, 9680588710 |
| Address | : | "MAA-KRIPA" Uparala Bas, Hathi Ram Ka Oda, Jodhpur |

**......સૌનો સાથ, સૌનો સહકાર, સૌનો વિકાસ.....**

## સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ

સુજ્ઞ જ્ઞાતિજનોને વિનંતી કે આપના ઘરના કે વ્યવસાયના કોઈપણ શુભ પ્રસંગે, જન્મ દિવસ તેમજ આપના આપ્તજનોના સ્મરણાર્થે "સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ" ને ઉદાર હાથે દાન આપીને મહિલા વિકાસલક્ષી કામોને વેગ આપવા આપની ભાગીદારી નોંધાવશોજી. આપની ઉદારતા ઘણી બહેનો સુધી પહોંચાડવામાં અમોને મદદરૂપ બનશે. આપના દ્વારા નીચેના બેંક એકાઉન્ટમાં કરવામાં આવનાર દાન ઈન્કમટેક્ષની કલમ -૮૦(જી) હેઠળ કર/ટિક્ષમાં રાહતને પાત્ર બનશે.

| | | |
|---|---|---|
| **સંસ્થાનું નામ** | : | **સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ** |
| **બેંકનું નામ** | : | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા |
| **બેંકની શાખા** | : | આંબાવાડી (**NRI**) અમદાવાદ |
| **એકાઉન્ટ નંબર** | : | **31890098624** |
| **IFSC Code** | : | **SBIN0000301** |

આપે ઉપરના એકાઉન્ટમાં કરેલ દાનની વિગત/સ્ક્રીન શોટ સંસ્થાના ખજાનચીને નીચેના નંબર ઉપર અવશ્ય મોકલાવવી જેથી તેની પહોંચ-રિસીપ્ટ આપને મોકલાવી શકીએ.

**ઉર્મિલાબેન કંસારા - પ્રમુખ - મો. : ૯૯૨૫૦ ૧૨૦૫૯**
**પલ્લવીબેન કંસારા - ખજાનચી - મો. : ૯૪૨૭૦ ૦૯૬૦૪**

## સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ

સુજ્ઞ જ્ઞાતિ ભાઈઓ અને જ્ઞાતિ ભગીનીઓ

નૂતન વર્ષની શુભકામનાઓ સાથે સહર્ષ સર્વેને જણાવવાનું કે તા. ૨૨-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા એક મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવનાર છે.

સૌનો સાથ સૌનો સહકારની ઉક્તિને સાર્થક કરવામાં આપ સૌના આર્થિક સાથ સહકારની આવશ્યકતા છે.

**બેનર**

૧. મેઈન ગેટ બેનર (સાઈઝ ૬'x૪') રૂા. ૧૧,૦૦૦/- ૨. સાઈડના બેનર (સાઈઝ ૩'x૩') રૂા. ૩,૦૦૦/-

**સ્પોન્સરર**

- ચા-પાણીના - રૂા. ૧૧,૦૦૦/-
- નાસ્તાના - રૂા. ૨૧,૦૦૦/-
- બપોરના જમણવારના - રૂા. ૫૧,૦૦૦/-

સેવા અને સહકાર દ્વારા જ પ્રગતિ કરી શકાય છે. દરેક જ્ઞાતિ ભાઈઓ અને ભગીનીઓને ઉદાર હાથે અનુદાન આપવા અને સ્પોન્સર કરવા માટે નમ્ર વિનંતી. (તા. ૩૦-૧૧-૨૦૨૪ સુધીમા મોકલી આપશોજી).

**ઉર્મિલાબેન કંસારા - પ્રમુખ**
**મો. : ૯૯૨૫૦ ૧૨૫૦૯**

**પલ્લવીબેન કંસારા - ખજાનચી**
**મો. : ૯૪૨૭૦ ૦૯૬૦૪**


શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

# આપણી ધરોહર

ગયા માસના કંસારા ટાઈમ્સના અંકમાં ૭૦૦ થી ૮૦૦ વર્ષ જુના આપણા કુળદેવી શ્રી મહાકાળી માતાજી વિશે લેખ વાંચ્યો અને મને આ લેખ લખવાની માતાજીએ પ્રેરણા આપી. જેને મારું સદ્ભાગ્ય સમજું છું.

આ લેખમાં જે કાંઈ મે લખ્યું છે. તે માટે હું કંસારા હરીશભાઈ (દરબાર) માંડવીની પોળનો હું ઋણી છું. તેઓની માતાજી તરફની શ્રધ્ધા અને ભક્તિને શત્ શત્ વંદન કરું છું.

**ધોળકામાં કંસારાની વસ્તી**

એ જમાનામાં હરીશભાઈના જણાવ્યા મુજબ કંસારાના ૫૦ થી ૬૦ ઘર હતા. અત્યારે માત્ર એક કે બે ઘર જ છે. જે ચિતલિયા કુટુંબના છે. ધોળકામાં આપણી વસ્તી હતી એટલે જ આપણે કુળદેવીની સ્થાપના કરી હતી.

**મંદિરનું વર્ણન**

આ મંદિર ધોળકામાં પંચશીલ ચાર રસ્તા પાસે સ્વામિનારાયણ મંદિરની પાસે છે. મંદિરની સારી એવી મિલકત છે. જમીન છે. જો તેનું સંકલન અને નવનિર્માણ કરવામાં આવે તો માતાજીનું ભવ્ય મંદિર બની શકે તેમ છે. આ સંસ્થામાં ખંભાત, નડિયાદ, સુરત, અમદાવાદ વિગેરે ગામના આપણી જ્ઞાતિના ભાઈઓ એ સારૂં એવું યોગદાન આપેલું છે. મંદિરનો વરંડો બનાવ્યો છે જેમાં હરીશભાઈનો મોટો ફાળો છે.

**કંસારાઓ કેવી રીતે ત્યાંથી નીકળી ગયા**

આપણા ગુજરાતમાં મરકી (પ્લેગ) નામનો કોરોના જેવો એક રોગ ફેલાયો હતો. જેના કારણે એ રોગથી બચવા આપણી જ્ઞાતિના કુટુંબો રાતોરાત નીકળી ગયા. અને ઘરબાર મુકીને ખંભાત, નડિયાદ, ઉમરેઠ વિગેરે ઠેકાણે સ્થળાંતર કરીને ગયા. સમય જતાં એ લોકો જે ગામમાં ગયા ત્યાં સ્થાયી થઈ ગયા.

૧૯૪૭ માં હિંદુસ્તાનના ભાગલા પડ્યા તે વખતે નિરાશ્રીતો તથા મુસલમાનો કોમી રમખાણો વખતે જેના હાથમાં જે આવ્યું તે લઈ લીધું એટલે કહેવાય છે કે ધોળકામાં કોઈ કંસારા રાત રહી શકતા નથી. આપણાં આ મંદિરને બચાવવા ત્યાંના રાણા કુટુંબે અમૂલ્ય ફાળો આપ્યો છે. શ્રી બંસીભાઈ, શ્રી હર્ષદભાઈ, શ્રી નરેશભાઈ, શ્રી પ્રકાશભાઈ તથા તેમના પરિવારે અત્યાર સુધી મંદિરનું રક્ષણ, જતન અને સંચાલન કર્યું છે અને કરી રહ્યા છે. આ એક ટ્રસ્ટ છે. તેનો ભવ્ય પૌરાણિક દરવાજા પર આપણી જ્ઞાતિનું નામ કોતરેલ છે. મંદિરની સામે એક માળીની દુકાન છે. તેને પણ સહકાર આપ્યો છે. આપણે આ પરિવારનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે. તેમના લીધે જ આ મંદિર અત્યાર સુધી ટકી રહ્યું છે. મંદિરનો વરંડો કરવામાં પણ તેમણે તન, મન, ધનની સેવા કરી છે. મંદિરની પાસે વિધર્મી લોકોએ ઘર બનાવ્યું અને તેની ગેલેરી મંદિરમાં પડતી હતી તે પણ તેમણે કઢાવી અને મંદિરનું ચારે બાજુએથી રક્ષણ કર્યું.

આ બધી માહિતી મને હરીશભાઈએ આપી. હરીશભાઈ જ્યારે તેમની તબિયત સારી હતી ત્યારે દર મહિને માતાજીને ઘી તથા સુખડીની સામગ્રી તેમના તરફથી કરતાં. તેઓ કહે છે કે મને માતાજીએ ઘણું આપ્યું છે. અને મારા પર માતાજીની કૃપા છે.

**આપણે શું કરવું**

આ મંદિર આપણી જ્ઞાતિનું છે એટલે જે રાણા કુટુંબ સંચાલન કરે છે. તેમને મદદરૂપ થવું. આપણી જ્ઞાતિજનોએ ત્યાં દર્શન કરવા જવું. સુરતી છંદ મંડળની જેમ ભજન કીર્તન આનંદનો ગરબો વિગેરે કરવા.

## નવા આજીવન સભ્યોની યાદી

૧. પાવાગઢી પિયુષભાઈ રસિકલાલ - વઢવાણ
૨. કંસારા અતુલભાઈ જેન્તીભાઈ - અમદાવાદ
૩. દંગી પંકજ ચંદ્રકાંતભાઈ - રાજકોટ
૪. ડોક્ટર જગદીશ કંસારા - રાજસ્થાન

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited

Web : www. gravityipl.com


**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACHING OF WEIGHING SCALES & SPARE PARTS**

---

*Best Quality Gift For All Occassions*

We are also the menu. of wall clocks& wall clock hands



# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia Mo.94262 21810
Depak J. Karathia Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436





# Mayur Engineering
**Manufactur**

**Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish**

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

**E-mail : mayurengineering179@gmail.com**

# "શ્રધ્ધા (૧)"

- બાલકૃષ્ણ જેઠાલાલ દંગી (વઢવાણ)

આજ ધાર્મિક યુગમાં પરમાર્થ કરનાર વ્યક્તિની લોકો પુજા કરે એ સ્વાભાવિક છે. પણ દુન્યવી શક્તિ અને ભ્રમનો ફેલાવો કરે તે વિવેકની સરિયામ નિષ્ફળતા છે. આજ ધર્મના નેજા હેઠળ ગેરમાર્ગે દોરનારા ધાર્મિકોના દંભની લીલાઓની દુકાનદારી ચલાવતા દંભીઓથી સમાજને જાગૃત કરવાના મારા આ વિચારોથી દંભીઓથી એ સમજો કે શુધ્ધિકરણ નું સોપાન છે. ધર્મની વ્યાખ્યા એ પરમશક્તિ, તેમાં શ્રધ્ધા અને આધ્યાત્મિક સુખની વ્યાખ્યા છે. તેની સાથે સાથે જીવનનું બળ પણ છે. તે જીવનને એક ધ્યેય તરફ લઈ જાય છે. શ્રધ્ધાથી માનવી ધર્મને માટે 'સંત' કે 'બાવાશ્રીઓ'નું જ્ઞાન લેવા જાય. તેમાં સંતો અને બાવાશ્રી પોતાને 'પરમ'નો આગ્રહ રાખે. ધનની આસક્તિ રાખે. તથા મન સેવાને બદલે 'મેવા'માં હોય તેવા સંત કે બાવાશ્રીઓનો વિશ્વાસ ન કરવો. તેઓ અવતારે ઈશ્વર નથી પણ ઈશ્વરનાં પ્રતિનિધિ જ છે. આજ અમુક લોકો 'ડર' ને કારણે કે પોતાના જીવનમાં અધુરપ ને કારણે તેઓને ભગવાન સમજીને પગે પડતા હોય છે. તથા પૈસા પણ ધરતા હોય છે. એક વાત સમજો. ઈશ્વર આપણી શ્રદ્ધાને વિષય છે. આજ સંત કે બાવાશ્રીઓ પોતાને 'તપ'નું લેબલ લગાવીને સામૂદાયિક ધર્માત્માં બની જતા હોય છે. પોતે ધનની લાલસા માં જ રાચતાં હોય છે. તેમનાંમાં પૂર્ણતાનો અભાવ તથા શિષ્યો બનાવવામાં જ રસ હોય છે. આ બાબતમાં એટલું જ કે મનુષ્યે અંદરથી વિકસિત થઈને આત્મનિર્ભર બનવાનું છે. માનવ જન્મ એ ઈશ્વરનું વરદાન છે. ગમે તેની આગળ ઝુંકવા ને બદલે પરમાત્માને જૂકો. માનવી પોતાના વિવેકને આદરેથી ગુરુ વિના પરમાત્મા સુધી પહોંચી જાય છે.

આજ લોકો સાધન-સંપતિ અને સુખને શોધે છે. તેમાં કોઈ પણ દઢ મનોબળ કેળવીને કોઈપણ રીતે આગળ વધે છે. દિન-પ્રતિદિન સુરક્ષીત રહેવા પોતે અંધશ્રધ્ધામાં રહી જીવન મૂલ્યોથી કે નૈતિક ચારિત્રીક ને કારણે અધ:પતનની માત્રા વધતી જાય છે. તેમાં એક વાત પણ છે કે આપણે જને ગુરુ કે ગુરૂ ભગવાન માનીએ છીએ તે કહીકતમાં એક માણસ જ છે. આપણા મનમાં તેઓનું મનોવિજ્ઞાન કામ કરે છે. અન્ય કોઈનાં દોરવાઈ જવામાં આનંદ તથા કોઈની વાત માની લેવાથી મન રાજીપો થાય છે. આજ સમાજ પરિવારમાં એક ફેશન થઈ ગઈ છે. કે "કોઈ મારા ગુરુ છે." શ્રધ્ધાનો વિષય સમજીને ઉચ્ચ અપ્રતિમ આસ્થાનો સવાલ ગણે છે. આ માન્યતાથી આજ ધેલી પ્રજા એમ સમજે કે અન્યની રાહબારી થી છેતરાઈ જાય તો પણ (કેડો) છોડવા તૈયાર હોતા નથી. આમાં તેઓની ધણી-ધારા લેવામાં જ શ્રધ્ધા ધરાવતા હોય છે. પણ કમનશીબી એ છે કે જેને ગુરુ ધારતી વખતે તેમનાં જીવનનો પૂર્વાધ જાણ્યો નથી. કોઈએ કીધું, કોઈ તેમના ચમત્કારની જ વાતો કરે અને આપણે તેને આપણા માર્ગદર્શક માની લીધા. આમાં ભૂલ કોની આપણી કે ગુરુની ? આજ જગતમાં એવા ઘણા લોકો જ્ઞાન અને અધ્યયન માં અગ્રેસર હોય તે ખરેખર તો એમ સમજે કે માટીપગાં જ નીકળે છે. માણસમાં બે પ્રકારની વૃત્તિ હોય છે. ઈન્સાન અને હેવાન તેમાં આજ ઈન્સાનનાં પ્રતિષ્ઠિત ઓઠા તળે પાસવીવૃતિ કામ કર્યા જ કરે છે. અને પછી નજર વૃત્તિ થી પોતાનાં પ્રયોગો કરતા હોય છે. તેમાં આજના માનવી આવી વૃતિઓનો સ્વિકાર કરી સંતોષ માનતો હોય છે. આ સ્વિકારેલ મનોવૃત્તિ અંદર હેવાનિયતનાં રૂપમાં હોય છે. અને માનવીની સાણપન ખાઈ જાય છે. આ વાત એમ સમજો કે પસંદ કરેલ ગુરુ કે બાવાશ્રી કે સંત દરેકને આ વાત લાગુ પડે છે. કારણ આપણે જેની ગુરુ તરીકે ગણતરી કરીએ તેજ જીવનમાં હતાષા નાખીને આંચકો આપે તેવા જવાબદાર નિવડે ત્યારે પ્રશ્ન એ જ થાય કે વ્યક્તિ મહાન હોય એવું ભ્રમૂંજ છે. તે માણસ તો માણસ જ છે. માણસ તરીકે જનમ્યો. જીવ્યો અને મૃત્યુ પામ્યો. આનાથી વિશેષ કાંઈજ નથી. એક વાત છે કે તેનાથી વિશેષ તેનામાંથી જ સાંભળવું કે જાણવું એ આપણી સારપ છે. પણ કાયમ માટે ઉત્તમ ગણવો તે માણસને માટે ઘાતક નીવડે છે. આજનાં જમાનામાં અમુક માનવી ને આજ દીસે છે. અને આ ભિરૂ ને લીધે માણસ બાપડો થઈ ગયો છે.

આજ સંતો કે ઉપદેશ આપનારા ઘણા છે. પણ જ્ઞાની પુરુષ કોઈ જ હોય છે. તેમાં શાસ્ત્રોનાં જ્ઞાન છે પણ આત્માનાં જ્ઞાનીઓ નથી. આત્માનાં જ્ઞાની થી જ જીવનનું કલ્યાણ થાય. પણ આજ સંતો કે બાવાશ્રીઓ પોતાનું જ કલ્યાણ કરીનેબેઠા હોય તો અન્યનું શું કલ્યાણ કરે ? પોતે તર્યા ન હોવા છતાં અન્યને તારવાની વાતો કરે છે. એક વાક સમજો ડુબકા ખાતો હોય તે ક્યારેય અનન્યને તારે નહી અંતમાં સંતો એટલે જીવન પ્રગટ દીવા સમાન કહેવાય. તેનાં વાતાવરણની સુગંધ અને વાણી મનને ભિંજાવતી હોય અને તેઓની વાણી વર્તન અને વિનય મનનું રટણ કરે તેવું હોય. એક વાત છે કે સંત માનવીને સાચા રસ્તે ચઢાવી અને જ્ઞાની માનવીને મુક્તિ અપાવે. (ક્રમશ) ભાગ-૨


## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૫૦૦/- | કંસારા હિતેન્દ્રભાઈ વસંતલાલ - અમદાવાદ |
| રૂા. ૨૦૦/- | કંસારા નલીનભાઈ નરભેરામભાઈ - સેલા |

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

# સુખી જીવન એટલે શું ?

- કમલેશ કંસારા (અમદાવાદ)

આપણે બધા કાયમ સુખ પ્રાપ્તિના પ્રયત્નો કરીએ છીએ. બધા જ ઈચ્છે છે કે અમને સદાય સુખ જ મળે, ક્યારેય દુઃખનો સામનો ન કરવો પડે. આપણી બધી જ મનોકામનાઓ પૂર્ણ થતી રહે, પરંતુ એવું બનતું નથી. પોતાની જાતને પૂર્ણતઃ સુખી કદાચ કોઈક જ અનુભવ કરતો હશે.

જેની પાસે પર્યાપ્ત ધન, સાધન, શ્રેય, સન્માન બધું જ છે. તે પણ પોતાના દુઃખના રોદણાં રડતો હોય છે. છેવટે આમ કેમ ? શું કારણ છે કે મનુષ્ય ઈચ્છે છે સુખને પરંતુ મળે છે ને દુઃખ જ ! સુખ-સંતોષને માટે સતત પ્રયત્નશીલ રહેતાં આપણે અનેક દુઃખો અને અભાવોનો સામનો કરવો પડે છે.

આ સમસ્ત દુઃખો અને અભાવોથી મનુષ્ય કઈ રીતે મુક્તિ મેળવી શકે છે ? પ્રાચીન ઋષિ મુનિઓ અને ભારતીય તત્વદર્શી મહાપુરુષોએ એને માટે અનેક પ્રકારના માર્ગો દર્શાવ્યા છે. જે પ્રત્યક્ષ રૂપથી ભલે પ્રતિકુળ અને પૃથક લાગતા હોય પરંતુ બધાનો પોત-પોતાનો દૃષ્ટિકોણ હોય છે. એક માર્ગ એ છે કે આત્મસ્વરૂપના જ્ઞાનની સાથે ભૌતિક જગતના સમસ્ત પદાર્થો પ્રતિ આત્મબુદ્ધિનો ભાવ રાખીને પરલૌકિક સાધનોનો ઉપદેશ આપે છે.

બીજો માર્ગ એ છે કે જે જીવ માત્રને ઈશ્વરનો અંશ માનીને જીવનમાં સેવા અને ભક્તિભાવના સમાવેશથી લાભાન્વિત થઈને આત્મલાભની વાત દર્શાવે છે ત્રીજો માર્ગ એ છે કે જે સાંસારિક પદાર્થો તથા લૌકિક ઘટનાક્રમો પ્રતિ સાર્થકતા પૂર્ણ દૃષ્ટિ રાખીને એના પ્રત્યે આસક્તિ ન રાખવી જોઈએ.

જીવન જીવવું એ એક કલા છે. જીવવાને માટે તો જીવ-જંતુઓ-પશુ-પક્ષીઓ પણ જીવન જીવે છે, પરંતુ શું એમનું જીવન સાર્થક હોય છે. આપણે આપણા જીવનને કેવું સજાવીને-સવારીને રાખીએ છીએ. પોતાના લક્ષ્ય અને ઉદ્દેશ્યને નિર્ધારિત કરીએ છીએ. આપણી કામ કરવાની પદ્ધતિ કેવી છે, આપણી વિચાર શક્તિ કેવી છે, આ બધી વાતો જીવન જીવવાની કલાનો અંશ (અંગ) છે.

જીવન પ્રતિ જો આપણો દૃષ્ટિકોણ સ્પષ્ટ નહી હોય તો આપણે આપણું જીવન નહી જીવી શકીએ. વ્યક્તિ જીવનને સુખથી જીવવું એને જ જીવન માને છે. સારા ભણતરનો અવસર મળે, સારી નોકરી-સુંદર પત્ની હોય, રહેવાને માટે સારૂં ઘર હોય, સુખ-સુવિધાઓ હોય, બસ ! પછી શું જોઈએ ? પરંતુ બને છે એવું કે દરેકને બધુ જ નથી મલતું. ઈચ્છા રાખવાથી ક્યારેય કાંઈ મળતું નથી.

કાંઈક મેળવવાને માટે મહેનત અને સંઘર્ષ કરવો જરૂરી હોય છે. જે લોકો નથી કરવા માંગતા. બસ મેળવવા માંગે છે ને તે પણ શોર્ટકટથી અને જ્યારે તે ના મળે ત્યારે જીવનને કોસે છે. અરે ! શું આ તે કાંઈ જીંદગી છે ? બસ કોઈ પ્રકારે જીવી લઈએ છીએ. જે પળ ગુજરે તેને જીવન કહે છે.

મનુષ્ય જીવન કર્મ કરવામાં અને મોક્ષની પ્રાપ્તિ માટે પોતાના કદમ આગળ કરે છે. કદમ ઉત્સાહપૂર્વક હોવા જોઈએ. જીવનમાં કષ્ટ કોને નથી આવતું. આનંદ તો આ કષ્ટો પર વિજય મેળવવામાં છે. કોઈ દુઃખ કે કષ્ટ સ્થાયી નથી હોતું. માત્ર આપણને ડરાવે છે. આપણી સહનશીલતા અને ધૈર્યની પરીક્ષા લે છે. જ્યાં આપણે સારૂં જ્ઞાન અર્જિત કરવા માંગીએ છીએ, ત્યાં આપણા વિચાર અને ભાવનાઓ પણ શુદ્ધ અને નિર્મળ હોવી જોઈએ. ત્યારે જ આપણી બુદ્ધિ પણ આપણને સાથ આપશે અને આપણને સાચું સુખ પ્રાપ્ત થશે.






શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી

હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# ચિતલીયા પરિવારનું ગૌરવ - ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ ગમન

સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું કે અમારી સુપુત્રી કુમારી હાર્દિ ચિતલીયા વર્ષ ૨૦૨૪ માં અમદાવાદ ખાતેની **MGSI (M.G. Science Institute under Gujarat University)** માંથી **Physics** માં સ્નાતક ડિગ્રી મેળવી આગળ **University of Reading** ના **Meteroology** કોર્સમાં માસ્ટર ડિગ્રીના અભ્યાસક્રમ અર્થે સપ્ટેમ્બર ૨૦૨૪ એ **UK** ખાતે પ્રયાણ કરેલ છે.

હાર્દિ પોતાના આ અભ્યાસક્રમમાં ઉચ્ચ સફળતા મેળવી ખૂબ પ્રગતિ કરે તેવા શુભાશિષ તથા પોતાના જ્ઞાન અને કેળવણીથી કુટુંબ તથા સમાજને ઉપયોગી થઈને ગૌરવ વધારે તેવી શુભેચ્છા.

## શુભેચ્છકો:

સ્વ. ગોપાલદાસ જમનાદાસ ચિતલીયા (દાદા)
સ્વ. શાંતાબેન ગોપાલદાસ ચિતલીયા (દાદી)
ભુપેન્દ્રભાઈ (પરેશભાઈ) ગોપાલદાસ ચિતલીયા (પપ્પા)
અલ્કાબેન ભુપેન્દ્રભાઈ ચિતલીયા (મમ્મી)
ભાવિક ભુપેન્દ્રભાઈ ચિતલીયા (ભાઈ)
અવની જયકુમાર સંઘવી (બહેન)
જયકુમાર અશોકભાઈ સંઘવી (જીજાજી)
સ્વ. હસમુખલાલ ગાંડાલાલ શેઠ (નાના)
સ્વ. રસીલાબેન હસમુખલાલ શેઠ (નાની)



## MATRIMONIAL



**Contact**
Bhupednrabhai :
+91 84019 81056
Alkaben : +91 81283 10993

**Address**
AB-602, Sardar patel Nagar
Housing Society, Shastrinagar,
Naranpura, Ahmedabad

| | | |
|---|---|---|
| Name | : | Bhavik Bhupendrabhai Chittaliya |
| Date of Birth | : | 06-05-1996 |
| Place of Birth | : | Rajkot |
| Height | : | 5.11 feet |
| Weight | : | 68 KG |
| Education | : | MBA in Finance |
| Jobe | : | Financial Analyst at Part Global Metal Pvt. Ltd. |
| Grand Father | : | Gopaldas Jamnadas Chittaliya (Wadhwan) |
| Father's Name | : | Bhupendrabhai (PareshbhaiI Chittaliya |
| Occupation | : | Maker/Importer of Brass Metal |
| Mother's Name | : | Alkaben Chittaliya |
| Siblings | : | 1. Elder Sister (Married)<br>1. yonger Sister (Unmarried) |
| Mosal | : | Sheth Gandalal Mohanlal (Rajkot)<br>(Sheth Hasmukhbhai Gandalal) |

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષોં દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **3.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦